### બે વર્ષમાં એકેય અરજીને સરકારે મંજૂરી ના આપી

# અમદાવાદમાં ૨ વર્ષમાં ૩૯૦ લોકોએ ધર્મપરિવર્તન કરવા માટે અરજી કરી

। અમદાવાદ ।

અમદાવાદ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં ધર્મ પરિવર્તન માટે ૩૯૦ અરજીઓ મળી હતી, જે પૈકી એકેય અરજી મંજૂર કરવામાં આવી નથી, તમામ અરજી પડતર છે. અમદાવાદ શહેરમાં ૨૦૨૦માં ૯૪ જ્યારે જિલ્લામાં ૨૮ અરજી ધર્મ પરિવર્તન માટે થઈ હતી, એ પછીના વર્ષ ૨૦૨૧માં ધર્મ પરિવર્તન માટેની અરજીમાં ઉછાળો નોંધાયો છે, ૨૦૨૧માં અમદાવાદ શહેરમાં ૨૫૬ અરજી જ્યારે જિલ્લામાં ૧૨ અરજી આવી હતી.

બીજી તરફ વડોદરા શહેરમાં ધર્મ પરિવર્તન માટે વર્ષ ૨૦૨૦માં બે અરજી મળી હતી, જે બંનેને મંજૂરી આપવામાં આવી હતી, વડોદરા જિલ્લામાં એકેય અરજી મળી નહોતી, વર્ષ ૨૦૨૧માં વડોદરા શહેરમાં ૧૪ અરજી મળી હતી, જે પૈકી એક અરજી મંજૂર થઈ હતી, વડોદરા જિલ્લામાં સાત અરજી આવી, જેમાં એકેયને મંજૂરી મળી નથી. ગુજરાતમાં ૨૦૧૫ની સ્થિતિનો પાંચ વર્ષનો એક ડેટા સામે આવ્યો હતો.

## Ashapura Garments Limited

(Under Corporate Insolvency Resolution Process)

**Extension of time for submission of Expression of Interest (EOI)**

EOI is invited latest by 02nd April, 2022 pursuant to the publication of Form G dated 18.03.2022 of Ashapura Garments Limited (In CIRP), **leading Indian manufacturer of jeans and casual wear for men and women having readymade manufacturing plant with state of the art, well maintained manufacturing facility with annual production capacity of 3 million garments located at the SEZ at Mundra, Gujarat.** For submitting EOI, detailed formats available at sunresolution.in.

CA Ramchandra Dallaram Choudhary, RP
IBBI/IPA-001/IP-P00157/2017-2018/10326
Email: irp.ashapura@gmail.com
Date: 18-03-2022 Place: Ahmedabad

## FORM A
## PUBLIC ANNOUNCEMENT

(Under Regulation 6 of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

**FOR THE ATTENTION OF THE CREDITORS OF M/s. SHREE RAMA NEWSPRINT LIMITED**

| RELEVANT PARTICULARS | | |
|---|---|---|
| 1. | Name of corporate debtor | M/s. Shree Rama Newsprint Limited |
| 2. | Date of incorporation of corporate debtor | 10th July,1991 |
| 3. | Authority under which corporate debtor is incorporated / registered | Registrar of Companies, Ahmedabad |
| 4. | Corporate Identity No. Limited Liability Identification No. of corporate debtor | L21010GJ1991PLC019432 |
| 5. | Address of the registered office and principal office (if any) of corporate debtor | **Registered office:** Village Barbodhan, Taluka Olpad, District Surat, Gujarat – 395005 **Corporate office:** 10, Abhishree Corporate Park, Nr. Swagat Bunglows BRTS Bus Stand, Ambali – Bopal Road, Ambali, Ahmedabad - 380 058 |
| 6. | Insolvency commencement date in respect of corporate debtor | 16.03.2022 (order received on 17.03.2022) |
| 7. | Estimated date of closure of insolvency resolution process | 13.09.2022 |
| 8. | Name and registration number of the insolvency professional acting as interim resolution professional | **Pradeep Kumar Kabra Regn. No.** IBBI/IPA-001/IP-P01104 /2017-18/11790 |
| 9. | Address and e-mail of the interim resolution professional, as registered with the Board | **Pradeep Kumar Kabra** 301, 3rd Floor, Reegus Business Centre, New Citylight Road, Above Mercedes Benz Showroom, Bharthana - Vesu, Surat - 395007 Email: - ippradeepkabra@gmail.com |
| 10. | Address and e-mail to be used for correspondence with the interim resolution professional | **Pradeep Kumar Kabra** 301, 3rd Floor, Reegus Business Centre, New Citylight Road, Above Mercedes Benz Showroom, Bharthana-Vesu, Surat - 395007 Email: ippradeep.srnl@gmail.com |
| 11. | Last date for submission of claims | Thursday, 31.03.2022 |
| 12. | Classes of creditors, if any, under clause (b) of sub-section (6A) of section 21, ascertained by the interim resolution professional | Not Applicable |
| 13. | Names of Insolvency Professionals identified to act as Authorised Representative of creditors in a class (Three names for each class) | Not Applicable |
| 14. | (a) Relevant Forms and (b) Details of authorized representatives are available at: | https://ibbi.gov.in/home/downloads https://www.ibbi.gov.in/legal-framework/updated N.A. |

Notice is hereby given that the National Company Law Tribunal has ordered the commencement of a corporate insolvency resolution process of **M/s. Shree Rama Newsprint Limited** on **16th March, 2022 (order received on 17th March, 2022).**

The creditors of **M/s. SHREE RAMA NEWSPRINT LIMITED**, are hereby called upon to submit their claims with proof on or before Wednesday, 30th March, 2022 to the interim resolution professional at the address mentioned against entry No. 10.

The financial creditors shall submit their claims with proof by electronic means only. All other creditors may submit the claims with proof in person, by post or by electronic means.

A financial creditor belonging to a class, as listed against the entry No. 12, shall indicate its choice of authorized representative from among the three insolvency professionals listed against entry No.13 to act as authorized representative of the class [specify class] in Form CA.

Submission of false or misleading proofs of claim shall attract penalties.

Sd/-
**CA IP Pradeep Kumar Kabra**
Interim Resolution Professional for **M/s Shree Rama Newsprint Limited**
301, 3rd Floor, Reegus Business Centre, New Citylight Road, Above Mercedes Benz Showroom, Bharthana-Vesu, Surat - 395007

Date: 18.03.2022
Place: Surat

**IBBI Registration No.:** IBBI/IPA-001/IP-P01104 /2017-18/11790, **Email:** ippradeep.srnl@gmail.com

## ફોર્મ નં. CAA. 2

(કંપનીઝ ધારા, કલમ ૨૩૦(૩) અને નિયમ ૬ અને ૭ નાં અન્વયે)

CA (CAA) No. 15/NCLT/AHM/2022

**સૌરાષ્ટ્ર ઇન્ફ્રા એન્ડ પાવર પ્રાઇવેટ લિમિટેડ** .... અરજદાર કંપની ૧/ ટ્રાન્સફરર કંપની ૧

**સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઇવેટ લિમિટેડ** .... અરજદાર કંપની ૨/ ટ્રાન્સફરર કંપની ૨

**સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઇવેટ લિમિટેડ** .... અરજદાર કંપની ૩/ ટ્રાન્સફરી કંપની

કંપનીઝ ધારા, ૨૦૧૩ના મામલામાં
અને
કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૨૩૦ થી ૨૩૨ તથા અન્ય લાગુ પડતી જોગવાઈઓના મામલામાં
અને
સૌરાષ્ટ્ર ઈન્ફ્રા એન્ડ પાવર પ્રાઈવેટ લિમિટેડ અને સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઈવેટ લિમિટેડનું સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં, અને તેમના સંબંધિત શેરધારકોના ગોઠવણની યોજનાના મામલામાં

**સૌરાષ્ટ્ર ઇન્ફ્રા એન્ડ પાવર પ્રાઇવેટ લિમિટેડ,**
કંપની ધારા હેઠળ નોંધાયેલ કંપની જેની રજિસ્ટર્ડ ઓફિસ ૨૦૨-સાર્થિક-૨, કિરણ મોટર્સ પાસે, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત, ખાતે છે. .... અરજદાર કંપની ૧/ ટ્રાન્સફરર કંપની ૧

**સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઇવેટ લિમિટેડ,**
કંપની ધારા હેઠળ નોંધાયેલ કંપની જેની રજિસ્ટર્ડ ઓફિસ ૨૦૨-સાર્થિક-૨, કિરણ મોટર્સ પાસે, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઈવે. અમદાવાદ - ૩૮૦૦૧૫. ગુજરાત. ખાતે છે. .... અરજદાર કંપની ૨/ ટ્રાન્સફરર કંપની ૨

**સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઇવેટ લિમિટેડ,**
કંપની ધારા હેઠળ નોંધાયેલ કંપની જેની રજિસ્ટર્ડ ઓફિસ ૨૦૨-સાર્થિક-૨, કિરણ મોટર્સ પાસે, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત, ખાતે છે. .... અરજદાર કંપની ૩/ ટ્રાન્સફરી કંપની ૩

**અરજદાર કંપનીઓના સ્ટેકહોલ્ડરોની મીટિંગ્સની નોટિસ અને જાહેરાત**

આથી આ નોટિસ આપવામાં આવે છે કે **CA (CAA) No. 15/NCLT/AHM/2022**માં નામદાર નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ, અમદાવાદ બેન્ચ **(NCLT)**, એ આપેલ તા. ૨જી માર્ચ, ૨૦૨૨ના આદેશથી (૧) સૌરાષ્ટ્ર ઈન્ફ્રા એન્ડ પાવર પ્રાઈવેટ લિમિટેડના ઈક્વિટી શેરહોલ્ડરો, (૨) સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઈવેટ લિમિટેડના ઇક્વિટી શેરહોલ્ડરો તથા અનસિક્યુર્ડ ક્રેડિટરો અને (૩) સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઈવેટ લિમિટેડના ઈક્વિટી શેરહોલ્ડરો, સિક્યુર્ડ ક્રેડિટરો તથા અનસિક્યુર્ડ ક્રેડિટરોની સૌરાષ્ટ્ર ઈન્ફ્રા એન્ડ પાવર પ્રાઈવેટ લિમિટેડ અને સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઈવેટ લિમિટેડની સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં અને તેમના સંબંધિત શેરહોલ્ડરો વચ્ચે ગોઠવણની સ્કીમને ધ્યાનમાં લેવાના ઉદ્દેશથી અને, જો યોગ્ય જણાય તો, તેને સુધારા (રાઓ) સાથે અથવા વગર મંજૂર કરવા મીટિંગ બોલાવવા સૂચિત કરેલ છે.

સદર આદેશના અનુસંધાને આ મિટીંગો નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કંપનીઓની રજિસ્ટર્ડ ઓફિસ ૨૦૨-સાર્થિક-૨, કિરણ મોટર્સ પાસે, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૧૫, ખાતે યોજવામા આવશે.

**(એ) સૌરાષ્ટ્ર ઇન્ફ્રા એન્ડ પાવર પ્રાઇવેટ લિમિટેડ**

| અનં. | મિટીંગનો વર્ગ | મિટીંગની તારીખ | સમય (ભામાસ) |
|---|---|---|---|
| ૧. | ઇક્વિટી શેરધારકો | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | બપોરે ૩:૩૦ કલાકે |

**(બી) સૌરાષ્ટ્ર ફેરસ પ્રાઇવેટ લિમિટેડ**

| અનં. | મિટીંગનો વર્ગ | મિટીંગની તારીખ | સમય (ભામાસ) |
|---|---|---|---|
| ૧. | ઇક્વિટી શેરધારકો | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | બપોરે ૧:૩૦ કલાકે |
| ૨. | અનસિક્યુર્ડ ક્રેડિટર્સ | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | બપોરે ૨:૩૦ કલાકે |

**(સી) સૌરાષ્ટ્ર ફ્યુઅલ્સ પ્રાઇવેટ લિમિટેડ**

| અનં. | મિટીંગનો વર્ગ | મિટીંગની તારીખ | સમય (ભામાસ) |
|---|---|---|---|
| ૧. | ઇક્વિટી શેરધારકો | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | સવારે ૧૧:૦૦ કલાકે |
| ૨. | સિક્યુર્ડ ક્રેડિટર્સ | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | સવારે ૧૦:૦૦ કલાકે |
| ૩. | અનસિક્યુર્ડ ક્રેડિટર્સ | ૨૨મી એપ્રિલ ૨૦૨૨ | બપોરે ૧૨:૦૦ કલાકે |

સદર એકીકરણની યોજના, બિડાણો સહિતના ખુલાસાજનક અહેવાલની પ્રતો અરજદાર કંપનીઓની નોંધણી થયેલ ઓફિસેથી અથવા ઠક્કર એન્ડ પાહવા, એડવોકેટ્સ, ૭૧, ન્યૂયોર્ક ટાવર-એ, થલતેજ ક્રોસ રોડ્સ, એસ.જી. હાઇવે, અમદાવાદ-૩૮૦૦૫૪, ગુજરાતની ઓફિસેથી કામકાજના ચાલુ દિવસોમાં અને મિટિંગની તારીખો સહિતના (રજા અને રવિવાર સિવાય) દિવસોમાં સવારના ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન નિશુલ્ક મેળવી શકાશે.

જે વ્યક્તિ આ મીટિંગમાં હાજર રહેવા અને વોટ આપવા અધિકૃત હોય તે વ્યક્તિગતરૂપે અથવા અવેજીરૂપે વોટ આપી શકશે , તમામ અવેજીઓ નિર્ધારિત ફોર્મમાં આપેલ અવેજીઓ ૨૦૨-સાર્થિક-૨, કિરણ મોટર્સ પાસે, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત, ખાતે મીટિંગના ૪૮ કલાક પહેલા જમા કરવાની રહેશે.

આ અવેજીનું ફોર્મ કંપનીઓની નોંધણી થયેલ ઓફિસેથી મેળવી શકાશે.

આ ટ્રિબ્યુનલે શ્રી પિયૂષ મોરિયાની, પ્રેક્ટિસિંગ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને આ મીટિંગ(ગો) સહિત તેની મોકૂફી માટેના ચેર પર્સન નિયુક્ત કરેલ છે.

જો આ સ્કીમ, ઉપરોક્ત મીટિંગમાં મંજૂર થશે તો, તે અન્ય નિયમનકારી અધિકૃતતા તથા નામદાર એનસીએલટીની અનુગામી મંજૂરીને અધિન રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૨૨

સહી/-
શ્રી પિયૂષ મોરિયાની - ચેર પર્સન

### સહારા કંપનીના કેસનો વિવાદ ગૃહમાં પહોંચ્યો

# રાજકોટમાં ઝોનફેરની ૨૮ દરખાસ્તો પૈકી સરકારે માત્ર સાત જ મંજૂરી કરી

। ગાંધીનગર ।

મુખ્યમંત્રીપદે રહેતા વિજય રૂપાણીએ રાજકોટમાં સહારા કંપનીની જમીનમાં કપાત વગર ઝોન ફેર કરી આપ્યાના આક્ષેપો બાદ વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ હવે આ મુદ્દે વિધાનસભામાં પ્રશ્નો પુછવાનું શરૂ કર્યુ છે. ગુરૂવારે એક સાથે ચાર સભ્યોએ રાજકોટમાં ઝોન ફેરને સ્પર્શતા એક જ જેવા ચાર સવાલો પુછ્યા હતા. જેમાં શહેરી વિકાસ વિભાગે સ્વિકાર્યુ છે કે ઝોન ફેર માટે બે વર્ષમાં રાજકોટમાંથી કુલ ૨૮ દરખાસ્તો મળી, જેમાંથી કુલ ૭ને મંજૂરી આપવામા આવી છે.

આ અગાઉ ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ તત્કાલિન મુખ્યમંત્રી રૂપાણીએ વિપક્ષના નેતા સુખરામ રાઠવાને માનહાનીનો દાવો કરવાની નોટિસ આપી હતી. બાદમાં રાઠવાએ હાલના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને રાજકોટમાં સહારા કંપનીના ૫,૩૭,૨૪૦ વાર જમીનમાં ઝોન ફેરફારની મંજૂરી આપતા આઠમી જૂન ૨૦૨૧ના નોટિફિકેશનને રદ કરવા માંગણી હતી.

હવે વિપક્ષના અન્ય ધારાસભ્યો પણ વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન રૂપાણીના મુખ્યમંત્રીપદે રહેતા થયેલા નિર્ણયો સંદર્ભે સવાલો ઉઠાવી રહ્યા છે. ગુરૂવારે પુછાયેલા સવાલોના જવાબમાં બે વર્ષમાં ૨૮ પૈકી ૭ દરખાસ્તો મંજૂર કર્યાના જવાબમાં ૯૦,૮૮૬ ચોરસ મીટર જમીન રહેણાંક ઝોનમાં, ૪,૦૪,૭૦૦ ચો.મીટર જમીન ઔદ્યોગિક ઝોનમાં અને ૪૬,૦૬૭ ચો. મી.જમીન ગામતળ એક્સ્ટેન્શન ઝોનમાં તબદિલ કર્યાનું જણાવાયુ છે. આ પ્રકારે થયેલા ઝોન ફેરમાં સરકારને કોઈ આવક થઈ નથી એમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે.

### બોર્ડની પરીક્ષામાં ૨૧ પ્રકારની ગેરરીતિમાં અધિકારી-કર્મી સામે FIRની જોગવાઈ

# બોર્ડની પરીક્ષામાં કાપલી પકડાશે તો ખંડ નિરીક્ષક સામે પણ પોલીસ ફરિયાદ થશે

### ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ગત વર્ષે લેવાઈ ન હોવાથી સજા અંગે પરિપત્ર કરાયો

। અમદાવાદ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૮મી માર્ચથી શરૂ થતી બોર્ડ પરીક્ષાને લઈ કેટલીગ ગાઈડલાઈન પ્રસિદ્ધ કરી છે. કોરોનાના કારણે ગત વર્ષે બોર્ડની પરીક્ષા લેવાઈ ન હોવાથી ગેરરીતિ સંદર્ભે પરીક્ષાર્થી તેમજ પરીક્ષા કામગીરીમાં જોડાતા અધિકારી અને કર્મચારીઓની સજા નિયત કરતી પરિપત્ર પ્રસિદ્ધ કર્યો છે. શિક્ષણ બોર્ડે પ્રસિદ્ધ કરેલા પરિપત્ર મુજબ બોર્ડની રીક્ષામાં કુલ ૨૧ પ્રકારની ગેરરીતિમાં અધિકારી અને કર્મચારી દોષીત ઠરશે તો તેમની સામે પોલીસ ફરિયાદ થઈ શકે છે. જેમાં ચાલુ પરીક્ષા દરમિયાન પરીક્ષાખંડમાં કોઈ વિદ્યાર્થી કાપલી કે અન્ય કોઈ અનઅધિકૃત સાહિત્ય સાથે પકડાશે તો પરીક્ષાર્થીની સાથે ખંડ નિરિક્ષક સામે પણ પોલીસ ફરિયાદ થઈ શકે છે. ધોરણ.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં જોડાતા સ્ટાફ સામે જે ગેરરીતિઓમા પોલીસ ફરિયાદની શક્યતાઓ છે તેમાં ગુપ્તતાનો ભંગ કરવો, પરીક્ષાખંડમાં પ્રશ્નપત્ર, જવાબવહી બહાર જાય તેમાં મદદ કરવી, ફી રસીદમાં ગેરકાયદેસર ચેડા કરવા, બેઠક વ્યવસ્થા ગોઠવવામાં વિદ્યાર્થીને આડકતરી રીતે મદદ કરવી, પરીક્ષા ફરજ પાલનમાં ગેર શિસ્ત આચરી હોય, વિશ્વનિયતાં, ગુપ્તતા જાળવવામાં નિષ્ફળ જાય, બેદરકારી રાખી બોર્ડના નિયમોનો ભંગ કરવો, ઈરાદા પૂર્વક ગેરરીતિ આચરવી, પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી પાસેથી પુસ્તક, કાપલી, અનઅધિકૃત સાહિત્ય તપાસી, કઢાવી પરીક્ષાખંડ બહાર મુકાવવુ અને તે પછી આવુ સાહિત્ય પરીક્ષાખંડમાથી પરીક્ષાર્થી પાસેથી મળી આવે તો તેની જવાબદારી ખંડ નિરીક્ષકની રહેશે.

### બિનસરકારી સંસ્થાઓ પાસેથી ૭૦ લાખની વસૂલાત બાકી

# મહાત્મા મંદિરમાં સરકારે કાર્યક્રમો કર્યા પણ અઢી કરોડ ભાડું હજુ ચૂકવ્યું નથી

### કડક ઉઘરાણી કરવાને બદલે પત્ર વ્યવહારથી વિનંતી કરાય છે

। અમદાવાદ ।

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે સરકારી અને ખાનગી કાર્યક્રમો યોજાતા હોય છે, ડિસેમ્બર ૨૦૨૧ની સ્થિતિએ સરકારી સંસ્થાઓ પાસેથી ૨.૪૭ કરોડ અને બિન સરકારી સંસ્થાઓ પાસેથી ૬૯.૮૭ લાખની વસૂલાત કરવાની હજુ બાકી છે. ભાડા પેટે વિવિધ સંસ્થાઓએ હજુ સુધી રકમ ચૂકવી નથી, ચોંકાવનારી વાત તો એ છે કે, સરકારી સંસ્થાઓ પાસેથી ૨.૪૭ કરોડ વસૂલવાના બાકી છે તે પૈકી ૨.૨૬ કરોડ તો બે વર્ષ કરતાં વધુ સમયથી બાકી બોલે છે, જ્યારે બિન સરકારી સંસ્થાઓ પાસેથી પૂરેપૂરા રૂ. ૬૯.૮૭ લાખ બે વર્ષ કરતાં વધુ સમયથી બાકી છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં એક લેખિત સવાલના જવાબમાં રાજ્ય સરકારે આ માહિતી આપી હતી.

મહાત્મા મંદિરમાં કાર્યક્રમો બાદ સંસ્થાઓ ભાડા ચૂકવતી નથી, બીજી તરફ બાકી રકમ માટે કડક ઉઘરાણી પણ થતી નથી, તંત્ર દ્વારા માત્ર પત્ર વ્યવહાર ઉપરાંત રૂબરૂ મુલાકાત લઈને વસૂલાત માટે કોશિશ કરવામાં આવે છે.

**મહાત્મા મંદિરની જાળવણી પાછળ એક વર્ષમાં ૭૨ લાખનો ખર્ચ**

સરકારે ગૃહમાં માહિતી આપી હતી કે, મહાત્મા મંદિરનું સંચાલન અને જાળવણીનું કામ હોટલ લીલા વેન્ચર લિ.ને વર્ષ ૨૦૧૮થી ૨૫ વર્ષ માટે સોંપવામાં આવ્યું છે, જે પેટે વર્ષ ૨૦૨૧માં ૭૧.૮૯ લાખ ચૂકવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં કોઈ રકમ ચુકવવામાં આવી નથી, બેઈઝ મેનેજમેન્ટ ફી-નાણાંકીય વર્ષની કુલ આવકના બે ટકા રકમ ચુકવવાનું નક્કી કરાયું હતું.

# ગોઠવણ પડી ? પાટણના સાંતલપુરમાં ખનીજ ચોરીમાં દંડ રૂ.૫.૫૭ કરોડનો ૫૦ લાખ થયો !

। ગાંધીનગર ।

પાટણના સાંતલપુર તાલુકાના પાટણકામાં ચાયનાક્લે (રેતી) ખનિજની લીઝમાં થયેલી ચોરી સંદર્ભે માર્ચ ૨૦૧૫માં કલેક્ટરે લીઝ ધારકને ફટકારેલો રૂપિયા પાંચ કરોડ ૫૭ લાખ ૪૭ હજાર ૮૦૫નો દંડ જૂન ૨૦૧૯માં રૂપિયા ૫૦ લાખ ૬૬ હજાર ૧૬૦ થઈ ગયાનુ વિધાનસભામાં સરકારે જાહેર કર્યુ છે. સિધ્ધપુરના ધારાસભ્યે પુછેલા સવાલના લેખિત જવાબમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, આ કેસમાં લીઝ ધારકે સર્વેયરે માપણી કરેલા વિસ્તારને લીઝ વાળો વિસ્તાર સમજીને ખોદકામ કર્યુ હતુ. જેની રોયલ્ટી પણ સરકારને ચૂકવી હતી. આથી, અધિક નિયામક સમક્ષ થયેલી અપીલમાં કલેક્ટરને ફરીથી નિર્ણય કરવા કેસ રિમાન્ડ થયો હતો. આ પ્રકરણમાં સરકારને થયેલા નુકશાન સામે જવબાદારો સામે પગલા ભરવામાં આવ્યા છે કે કેમ ? તેવા ધારાસભ્યના સવાલના જવાબમાં દંડની રકમ મળ્યાનું જણાવીને મુખ્યમંત્રીએ નિયમોનુસાર અર્ધન્યાયિક યોગ્ય કાર્યવાહી થઈ હોવાનું જણાવ્યું હતું.

## ગુજરાત યુનિવર્સિટી

### એક્સ્ટર્નલ પરીક્ષા એપ્રિલ ૨૦૨૨

એપ્રિલ-૨૦૨૨માં લેવાનાર B.A./B.Com. સેમેસ્ટર - ૬ (ફ્રેશ/રિપીટર)ની તેમજ M.A./M.Com. સેમેસ્ટર - ૪ (ફ્રેશ/રિપીટર) અને B.A./B.Com. સેમેસ્ટર - ૪ (ફ્રેશ/રિપીટર) એક્સટર્નલ પરીક્ષાઓ માટે તૈયાર આવેદનપત્રો અને જરૂરી સુચનાઓ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ **www.gujaratuniversity.ac.in** ઉપરથી તા ૧૯-૦૩-૨૦૨૨ના રોજથી વિદ્યાર્થી દ્વારા વેબસાઈટ ઉપર જરૂરી માહીતી ભર્યા બાદ તૈયાર ફોર્મની પ્રિન્ટ સાથે જરૂરી દસ્તાવેજો અને નિયત ફી સાથે પોસ્ટ ઓફિસ ખાતે **Website** પર મૂકેલ સમયગાળા મુજબ જમા કરાવાના રહેશે. તેમજ અધુરી/અપુરતી વિગતવાળા આવેદનપત્ર રદ કરવાનો ગુજરાત યુનિવર્સિટીનો અધિકાર રહેશે તેમજ આ અંગે ભરેલી ફી પરત કરવામાં આવશે નહીં.

**નિયત ફી, વિગતવાર અભ્યાસક્રમ, પરીક્ષાનું સમયપત્રક વગેરે માહિતી માટે વખતોવખત વેબસાઇટ જોતા રહેવી. (હાલ અમલમાં અભ્યાસક્રમ મુજબ જ પરીક્ષા લેવામાં આવશે) પરીક્ષાની હોલ-ટીકીટ (એડમીટ કાર્ડ) વેબસાઇટ ઉપર થી પરીક્ષાના ત્રણ દિવસ અગાઉ મળશે, પોસ્ટ મારફતે મોકલવામાં આવશે નહીં.**

ડો. પી. એમ. પટેલ
કુલસચિવ

તા. ૧૭-૦૩-૨૦૨૨

### આ સામાન્ય આપઘાત નથી, નાણાં લીધાં છતાં જમીન નથી અપાઈ : અરજદાર

# મહેન્દ્ર ફળદુ આત્મહત્યા : આરોપીઓની ધરપકડ સામે HCએ હાલ મનાઈ ફરમાવી

। અમદાવાદ ।

રાજકોટના ટોચના ધારાશાસ્ત્રી અને બિલ્ડર મહેન્દ્ર ફળદુ આપઘાત કેસમાં આરોપી જયેશ પટેલ, પ્રણય પટેલ, દિપક પટેલ, મનસુખ સુરેજા, અમિત ચૌહાણ, અતુલ મહેતા, એ હાઈકોર્ટમાં તેની સામેની ફરિયાદ રદ કરવા માટે અરજી કરેલી છે. સુનાવણી બાદ, ગુરુવારે હાઈકોર્ટે આદેશ કર્યો છે કે, પોલીસ આ કેસમાં તપાસ ચાલુ રાખી શકે છે, પરંતુ આરોપીઓની ધરપકડ કરે નહીં. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. સરકાર અને મહેન્દ્ર ફળદુના પરિવારના વકીલે આ અરજીનો વિરોધ કરેલો. તેમની રજૂઆત હતી કે, તપાસ દરમિયાન માહિતી મળેલી છે કે, મૃતકે રુ. ૩ કરોડમાંથી રુ. ૨.૮૯ કરોડ ચુકવેલા છે અને તેમાંથી રુ. ૧.૮૦ કરોડ ઓઝોન કંપનીને આપેલા છે. મૃતક દરેક આરોપીને મળેલા અને પૈસા ચુકવેલા. જો કે, તેમ છતાંય તેને હેરાન કરાતા હતા. આ કોઈ સરળ પ્રકારનો આપઘાત નથી. આમાં પૈસા લઈ લેવાયા છે અને જમીન અપાઈ નથી.

## Saurashtra Gramin Bank

**Head Office : 1st Floor, 2nd Wing, LIC Building, Mahila College Circle, Tagore Road, Rajkot : 360 001.**
**E-mail : technologypms@sgbrrb.org Web : www.sgbrrb.org**

**Advertisement for E-Tender and Reverse Auction For Supply, Installation and AMC of Micro ATM Cum AEPS Device For Various Branches/offices**

Tender is invited in two bid systems (Technical Bid, Financial Bid and the Reverse Auction) for the Empanelment of Vendor(s) for **Supply, Installation and AMC of Micro ATM cum AEPS Device** for various Branches/Offices of **Saurashtra Gramin Bank**. Interested parties need to submit Technical and Financial Bid on or after **19/03/2022** but before **08/04/2022 up to 11:59 PM.** Detailed tender documents are uploaded on bank's website **http://sgbrrb.org/tenders.html** and on **https://etender.sbi/SBI/**.

Sd/-, Chairman

નેક દ્વારા 'એ' ગ્રેડ પ્રાપ્ત

## મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિન્દી વિશ્વવિદ્યાલય

(સંસદ દ્વારા જારી અધિનિયમ ૧૯૯૭, ક્રમાંક ૩ હેઠળ સ્થાપિત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય)
પોસ્ટ - હિન્દી વિશ્વવિદ્યાલય, ગાંધી હિલ્સ, વર્ધા (મહારાષ્ટ્ર)-૪૪૨૦૦૧
ઈ-મેલ: ddeadmissionmgahv@gmail.com, વેબસાઇટ: www.hindivishwa.org/distance
પ્રવેશ પોર્ટલ લિન્ક (સામાન્ય અભ્યાસક્રમ): https://mgahvdde.samarth.edu.in
ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૧૫૭૫

ज्ञान शांति मैत्री

आज़ादी का अमृत महोत्सव

### પ્રવેશ સૂચના
### શૈક્ષણિક સત્ર, જાન્યુઆરી-ફેબ્રુઆરી,૨૦૨૨
### દૂર શિક્ષણ નિદેશાલય

નીચે આપેલ હિંદી માધ્યમના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

**સ્નાતક અને સ્નાતકોત્તર અભ્યાસક્રમ :**
૧. પત્રકારિતામાં સ્નાતક (BJ) ૨. કલામાં સ્નાતક (BA) ૩. વ્યવસાય પ્રશાસનમાં સ્નાતકોત્તર (MBA) ૪. સમાજકાર્યમાં સ્નાતકોત્તર (MSW) ૫. પત્રકારિતામાં સ્નાતકોત્તર (MJ) ૬. એમ.એ. હિન્દી (MAHD) ૭. એમ.એ. સમાજશાસ્ત્ર (MAS) ૮. એમ.એ. ઇતિહાસ (MAH) ૯. એમ.એ. રાજનીતિ વિજ્ઞાન (MAPS)

**સ્નાતકોત્તર ડિપ્લોમા અભ્યાસક્રમ :**
૧. ઇલેક્ટ્રોનિક મીડિયા પ્રબંધન અને ફિલ્મ પ્રોડક્શનમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDEM&FP) ૨. પત્રકારિતા અને જનસંચારમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDJMC) ૩. કમ્પ્યૂટર એપ્લિકેશનમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDCA) ૪. સર્જનાત્મક લેખનમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDCWH) ૫. અનુવાદ વિજ્ઞાનમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDT) ૬. નાટક અને રંગમંચમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDD&T) ૭. મીડિયા લેખનમાં સ્નાતકોત્તર ડિપ્લોમા (PGDMW)

**ડિપ્લોમા અભ્યાસક્રમ :** કમ્પ્યૂટર એપ્લિકેશનમાં ડિપ્લોમા (DCA)

**પ્રમાણપત્ર (૬ માસ) :** ૦૧. સામાજિક નેતૃત્વ અને પ્રશાસનમાં પ્રમાણપત્ર (CSL&G)** ૦૨. ચીની ભાષામાં પ્રમાણપત્ર (CCL)** ૦૩ ફ્રેન્ચ ભાષામાં પ્રમાણપત્ર (CFL)** ૦૪. જાપાની ભાષામાં પ્રમાણપત્ર (CJL)** ૦૫. સ્પેનિશ ભાષામાં પ્રમાણપત્ર (CSL)**

**પ્રમાણપત્ર (૩ માસ) :** બિન-સરકારી સંસ્થાઓના નિર્માણ અને વ્યવસ્થાપન (CNGOM)**

**નોંધ:-** **માત્ર મુખ્યાલયથી સંચાલિત

**સામાન્ય અભ્યાસક્રમ** માટે ઓનલાઇન અરજી કરવાની **તારીખ ૨૫.૦૨.૨૦૨૨ અને અંતિમ તારીખ ૩૧.૦૩.૨૦૨૨ છે.** વધુ માહિતી તથા વિદ્યાર્થી સહાયતા કેન્દ્ર/અભ્યાસ કેન્દ્રની સૂચિ માટે વિશ્વવિદ્યાલયની વેબસાઇટ જુઓ અથવા ટોલ-ફ્રી નં. ૧૮૦૦૨૩૩૧૫૭૫ પર કોલ કરો.

davp 21207/12/0008/2122

કુલ સચિવ



